ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૭ ટકા

# બાળકોમાં થ્રી-ડી ટેંક અને કાર્ટુનવાળી પિચકારી હોટ ફેવરીટ



## ઓર્ગેનિક અને સ્પ્રે કલર સાથે રંગબેરંગી ફુગ્ગાઓનું પણ આકર્ષણ

ગાંધીનગર, તા.૧૮

હોળી આવી રંગબેરંગી વાતાવરણ સાથે ખુશીઓ લાવી. હોળી-ધૂળેટીને ગણતરીના દિવસો જ બાકી છે અને શહેરમાં ઠેર ઠેર પિચકારી, ફુગ્ગા, કલર વેચાઈ રહ્યા છે. નગરજનો માટે વેપારીઓ અલગ અલગ પ્રકારની નાનીથી મોટી પિચકારીઓ ઓર્ગેનિક કલર અને સ્પ્રે કલર સાથે રંગબેરંગી ફુગ્ગા લાવ્યા છે. ગત વર્ષ કરતા આ વર્ષે માર્કેટમાં પિચકારીના ભાવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. લગભગ ૩૦થી લઈ ૮૦૦ રૂ. સુધીની પિચકારી જોવા મળી રહી છે. ચાઈના અને ઈન્ડિયા બંને પિચકારી ખાસ કરીને ચાઈનાની રમકડાંની પિચકારીઓ જોવા મળી રહી છે.

તહેવારને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને બજારમાં વેપારીઓ દ્વારા જોર શોરથી તૈયારીઓ થઈ ગઈ છે. અલગ અલગ પ્રકારની પિચકારી સાથે રંગબેરંગી કલરો જેમાં ઓર્ગેનિક કલરો સાથે કલર સ્પ્રે ઓનડીમાન્ડ છે. પિચકારીઓમાં ખાસ કરીને ટેંકવાળી પિચકારી, હાઈટેક લાંબી પિચકારી, ગન પિચકારી, થ્રીડી ટેંક પિચકારી, ડોરેમોન, બાર્બી, પિકાચુ, પોકેમોન જેવા અલગ અળગ કાર્ટુન ચિત્રો સાથેની પિચકારી બજારમાં મળી રહી છે. આ ઉપરાંત નાના બાળકો માટે ચાઈનાની રમકડાંવાળી પિચકારી વેચાઈ રહી છે. જેનો ભાવ રૂ. ૩૦થી લઈને ૮૦૦ રૂ. જેટલો છે. સેન્ટેડ ગુલાલ ૫૦ રૂ.નો ૨૦૦ ગ્રામ અને હર્બલ ગુલાલ ૨૦ રૂ.નો ૧૦૦ ગ્રામ વેચાઈ રહ્યો છે.

આ ઉપરાંત ૫૫૫ કલર, ટયુબ કલર અને સ્પ્રે કલર પણ બજારમાં વેચાઈ રહ્યા છે. સ્પેર કલરનો ઉપયોગ ખાસ કરીને કપડા ઉપર થાય છે. બજારમાં સૌથી વધુ રૂ. ૨૫૦થી ૩૦૦ સુધીની પિચકારીઓ વેચાઈ રહી છે. ગત વર્ષ કરતા આ વર્ષે પિચકારીના ભાવમાં એકંદરે વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ બાળકોમાં થ્રીડી અને કાર્ટુન ચલચિત્રો વાળી પિચકારી હોટ ફેવરીટ હોવાથી વેપારીઓ ફાવી ગયા છે.



# એક સાથે ૩૫૭ વડિલોને ''ચાલ જીવી લઈએ'' ફિલ્મ બતાવી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામના સેવાભાવી વડિલ રમણભાઈ પટેલે એક સાથે ૩૫૭ વડિલોને ગુજરાતી ફિલ્મ ''ચાલ જીવી લઈએ'' દેખાડી તેમના ચહેરા પર પ્રસન્નતા રેલાવવાનો પ્રયાસ કર્યો છે. તમામ વડિલો પણ આ ફિલ્મ જોઈ પોતાના જીવનમાં કેટલું જીવ્યાં કરતા કેવું જીવ્યા તેની સમજ કેળવી શેષજીવનને વધુ આનંદિત બનાવવા પ્રોત્સાહિત થયાં હતા.

વર્ષો સુધી અમેરીકામાં રહીને પોતાનું નિવૃત જીવન શાંતિથી વતનમાં જીવવા પરત ફરી પોતાના ગામ લવારપુરમાં રહેતા ઉચ્ચ શિક્ષિત રમણભાઈ પટેલ છેલ્લાં કેટલાક સમયથી ગાંધીનગર તાલુકાના વરિષ્ઠ નાગરિકો માટે વિવિધ વ્યાખ્યાનો, ધાર્મિક પ્રવાસો, ગીત-સંગીતના કાર્યક્રમો, યોગ-પ્રાણાયામ શિબિરો વગેરેનું આયોજન કરે છે. તાજેતરમાં તેમણે એક સાથે ૩૫૭ વડિલોને નવી ગુજરાતી ફિલ્મ ''ચાલ જીવી લઈએ'' દેખાડવા લઈ ગયા હતા. જે જોઈને તમામ વડિલો ભારે આનંદિત થવા પામ્યાં હતા. આ ફિલ્મમાં જીવનને આનંદિત તથા ઉચ્ચ ગુણવત્તાવાળુ બનાવવાની શીખ વણી લેવામાં આવી છે.





સિનિયર સિટીઝન ક્લબ દ્વારા આયોજિત આ પ્રવાસમાં વડિલોને કુડાસણ ખાતેના સિટીપલ્સ થીએટરમાં ફિલ્મ દેખાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર ઉપરાંત ચિલોડા, ચંદ્રાલા અને લવારપુર ગામના વડિલો જોડાયાં હતા.

# આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૮

ડૉ. બાબાસાહેબ આંબોડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા સામાન્ય સભાની બેઠક મળી હતી. જેમાં આગામી વર્ષ માટે સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે સંદિપ પી. જયોતિકર (એડવોકેટ તથા પૂર્વ કોર્પોરેટરશ્રી), મહામંત્રી તરીકે વિઠ્ઠલભાઈ જે. પરમાર તથા એ.ટી. શેઠ, ઉપપ્રમુખ તરીકે હિતેષભાઈ ઝાલા, સી.જે. રાઠોડ અને ડી.એમ. પરમાર, સહમંત્રી તરીકે ગીરીશભાઈ પંડયા, મહેન્દ્રભાઈ મોડીયા, મધુભાઈ ચાવડા, પ્રો. કૃષ્ણવદન પરમાર તથા ખજાનચી તરીકે નારાયણભાઈ જે. પરમાર તથા કારોબારી અનો સલાહકાર સમિતિની નિમણુંક કરવામાં આવી હતી.

# વાવોલમાં પબજી ગેમ રમતા ત્રણ યુવકો સામે ગુનો નોધાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં પબજી ગેમ રમવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ત્યારે શહેરને અડીને આવેલા વાવોલ ખાતેથી પબજી ગેમ રમતા ત્રણ યુવકોને પોલીસે પકડીને મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાવોલ ક માર્ગ પર હોટલ બેલીનની સામે આવેલા જય સ્ટીલ ફેબ્રીકેશનના કારકાના આગળની ખુલ્લી જગ્યામાં રવિવારની રાત્રે ત્રણ યુવકો પ્રતિબંધ લાગેલી પબજી ગેમ રમી રહ્યા હતા. આ ગેમ રમતા હોવા અંગે સે-૭ પોલીસ મથકના કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને કોઈએ જાણ કરી હતી. જેને અનુલક્ષી પેટ્રોલીંગમાં રહેલા પીએસઆઈ એ.જે.શાહે ટીમ સાથે તપાસ કરતા સ્થળ પર ત્રણ યુવકો પબજી ગેમ રમી રહ્યા હતા. જેમાં ફતેપુરા ખાતે રહેતા ધર્મેન્દ્ર કનુભાઈ પંચાલ, રાકેશ કનુભાઈ પંચાલ અને વાવોલના તરપોજ વાસમાં રહેતા કપિલ દેવભાઈ પંચાલનો સમાવેશ થાય છે. પોલીસે ત્રણેય યુવકોના ફોન જપ્ત કરીને તેમની સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૨૪ ખાતે એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

## એટીએમનું સેફટી સાયરન વાગતા જ ગભરાઈ ગયેલ ચોર ઈસમ ભાગી છુટ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં તસ્કરો અને ગુનેગાર બેફામ બની ગયા છે. ચોરી, લુંટ અને વાહનચોરીના ગુનાઓને એક પછી એક અંજામ આપી પોલીસન પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં વાવોલ બેંકમાં લુંટમાં નિષ્ફળ પ્રયાસ બાદ પોલીસ અને બેંકના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં કેટલાક બેંક એટીએમ પર ગાર્ડ બેંક દ્વારા મુકવામાં આવતા નથી તેની ચર્ચા પણ થવા પામી હતી. આ વાતને ગણતરીના દિવસો પુરા થયા નથી, ત્યારે સેકટર-૨૪માં ગઈકાલે રાત્રીના સમયે એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો અને લુંટના બનાવો સામાન્ય બની ગયા છે. ચોર ઈસમો અને આરોપીઓ પોલીસને પણ ગાંઠતા નથી. પોલીસ વાવોલ બેંક લુંટના નિષ્ફળ પ્રયાસ કરનાર આરોપીઓને પકડવા માટે રાત દિવસ એક કરી રહી છે. ત્યારે રવિવારની રાત્રીના સમયે સેકટર-૨૪ સ્થિત આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમનું લોક અન્ય માસ્ટર કી થી ખોલવાનો પ્રયાસ કર્યો હતો. જો કે એટીએમનું સેફટી સાયરન વાગતા જ ગભરાઈ ગયેલ ચોર ઈસમ ભાગી છુટ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનને જાણ થતા જ તાત્કાલીક ઘટના સ્થળે દોડી પહોંચી હતી. એટીએમમાંથી ચોર થઈ ન હોવાથી પોલીસે હાશકારો અનુભવ્યો હતો. સીસીટીવી કેમેરામાં એટીએમનુ લોક ખોલવાની કોશીશ કરનાર શખ્સ કેદ થઈ ગયો છે. તેના સેફટી શુઝ અને માથા પર પહેરેલા હેલ્મેટને પગલે તે કોઈ કન્સ્ટ્રકશન સાઈટ સાથે સંકળાયેલ હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. પોલીસે બેંક સત્તાધીશોનો ફરીયાદ કરવા માટે બોલાવ્યા છે. પરંતુ બેંક તરફથી કોઈ વ્યકિત મોડીસાંજ સુધી ફરીયાદ નોંધાવા માટે આગળ આવ્યું નથી જેથી આ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

# ભોંયણ રાઠોડ ગામથી ૪ શકુનીઓ ઝડપાયા


ભોંયણ રાઠોડ ગામના તળાવ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પેથાપુર પોલીસે કુલ રૂ. ૪૭,૨૬૦ના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર ટીમના એએસઆઈ હર્ષરાજસિંહ દિલીપસિંહ, અ.પો.કો. જયેન્દ્રસિંહ પ્રવિણસિંહ, સંદિપસિંહ હરીસિંહ, પ્રદિપસિંહ દિલાવરસિંહ સહિતના સભ્યો પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જયેન્દ્રસિંહ પ્રવિણસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ભોંયણ રાઠોડ ગામના તળાવે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પાના પત્તાનો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને રેઈડ કરતા સ્થળ પરથી સુરેશ આત્મારામ પરમાર, બાબુજી જોયતાજી ઠાકોર, કરણસિંહ મગનજી રાઠોડ અને ગૌરવસિંહ મુકેશસિંહ ચૌહાણ તમામ રહે. ભોયણ રાઠોડ તા.જી.ગાંધીનગર સહિત તમામની અંગ ઝડતીમાંથી રોકડ રૂ. ૭૫૬૦ તેમજ દાવ પરથી રૂ. ૨૭૦૦ મળી કુલ રૂ.૧૦,૨૬૦ મોબાઈલ નંગ-૪ કિ. રૂ.૭૦૦૦ અને એક મોટર સાયકલ નં. જી.જે.૧૮.સી.ક્યુ.-૮૯૯૫ કિ. રૂ.૩૦,૦૦૦ મળી કુલ રૂ.૪૭,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પબ્જી જેવી ગેમ્સ સિવાય પણ અનેક ફની એપ્સમાં સમય વેડફતાં શહેરના યુવાનો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં પણ જિલ્લા કલેકટર દ્વારા પબ્જી અને મોમો ચેલેન્જ ગેમ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે સોશ્યલ મિડિયા પર પબ્જી, મોમો ચેલેન્જ કે બીજી અન્ય રમતો ઉપરાંત જાણીતી ચેટીંગ એપ્લિકેશન્સમાં પણ એવા ફિચર્સ તેમજ કેટલીક મનોરંજક





એપ્સ પણ એટલી પોપ્યુલર છે કે જેમાં બાળકોથી માંડીને યુવાઓ જ નહી વડીલો અને ગૃહિણીઓ સુધ્ધાં સમયની બરબાદી કરી રહ્યા છે.

સોશ્યલ મિડિયા પર વિવિધ પ્રકારના નાના-નાના વિડિયોઝ, ફિલ્મી ડાયલોગ્સ પર યુઝર્સ પોતાની અદાકારી કરે અથવા ચિત્ર વિચિત્ર અવાજમાં મનોરંજક શોર્ટ વિડિયોઝ બને જેમાં પુરુષના અવાજમાં મહિલા કે મહિલા જેવા અવાજમાં પુરુષ પોતાના વિડિયોઝ બનાવી શકે તેવી એપ્સ ઉપલબ્ધ છે. વળી, જાણીતી ચેટ એપ્સમાં પણ સ્ટેટસ સ્ટોરી અપડેટમાં બુમરેંગ, જીફી, સ્વેગ, મેકઅપ, બ્યુટિફિકેશન્સ, ઈમોજીસ જેવા અનેક ફિલ્ટર્સ અવેલેબલ હોય છે અને આ પ્રકારની સ્ટેટસ સ્ટોરી બીજાની હોવા છતાં તેનો ડાઉનલોડ કરવાની એપ્સ જાણે મોજુદ છે. યુવાનોમાં ખાસ કરીને યુવતિઓમાં પપી, ગલુડિયા કે બિલાડીના નાક, કાન લગાડયા હોય તેવા ફોટા અપલોડ કરવાનો ક્રેઝ છે. આ ઉપરાંત જુદા જુદા મુડના રોમાન્ટિક કે બ્રેકઅપના વિડિયોઝ બનાવી શકાય છે. આ પ્રકારની એપ્સમાં પણ નેટીઝન્સ અઢળક સમયની બરબાદી કરતા જોવા મળી રહ્યા છે.

# વાડોકાઈ કરાટેના ૫૪ વિદ્યાર્થીઓને વિવિધ બેલ્ટની પદવી એનાયત




ગાંધીનગર, તા.૧૮

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા તાજેતરમાં સેક્ટર-૨૮ સ્થિત કાર્યાલયના હોલમાં સેનસાઈ શ્રી દર્શન સુથાર દ્વારા ચલાવવામાં આવતા વર્ગોનાં વિદ્યાર્થીઓ માટે પદ્‌વીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૪ વિદ્યાર્થીઓને વિવિધ બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી.

પદ્‌વી લેનાર વિદ્યાર્થીઓ ગાંધીનગર ખાતે શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, એમ.બી. પટેલ હાઈસ્કુલ, વાવોલ અને સરગાસણ ખાતે ચાલતા કરાટે વર્ગમાં અભ્યાસ કરી રહ્યાં છે. કોચ સેનસાઈ શ્રી દર્શન સુથાર અને ગાંધીનગરનાં ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર અને સિનીયર કોચ રેન્શી શ્રી ગૌરાંગભાઈ રાણાએ પદ્‌વી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# દેવી ભાગવત કથાનું હરિદ્વાર ખાતે આયોજન

સુંદરધામ પરિવાર દ્વારા શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. હરિદ્વાર સુધીની યાત્રા રેલવે દ્વારા કરવામાં આવશે. તા. ૧૭ માર્ચના રોજ આ રેલવે યાત્રા પ્રારંભ થશે જે ૨૬ માર્ચના રોજ વિરમશે. આ દસ દિવસની યાત્રામાં જોડાવવા માંગતા બાઈઓ-બહેનોએ સુંદરધામ કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી ખાતે સંપર્ક કરવા અને વધુ માહિતી માટે ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૭૪૧૭૭૧૮૪ નંબર પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે સેકટર-૧૨માં બલરામ મંદિર પાસે હેપ્પી ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. ગજ્જર રમેશભાઈ આત્મારામ, ઉ.વ. ૭૯
- સ્વ. જયંતિજી ચતુરજી ઠાકોર, ઉ.વ. ૫૭
- સ્વ. ડાભી અજુબા રામાજી, ઉ.વ. ૯૨
- સ્વ. જોશી રાજેશકુમાર ઉમિયાશંકર, ઉ.વ. ૫૫
- સ્વ. વાઘેલા જસવંતસિંહ ગોબરજી, ઉ.વ. ૭૦
- સ્વ. લીલાબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. પ્રહલાદજી ચતુરજી ઠાકોર, ઉ.વ. ૪૮

# ગત ચોમાસાની અલપવૃષ્ટિએ વેકેશનના નેચરકેમ્પની મજા કિરકિરા કરી...!!!


## બાકોર, પોળોના જંગલ કે ઝાંઝરી જેવા સ્થળોએ નદી-ઝરણાં અને ધોધ સુકાઈ ગયા : ટ્રીપ ઓપરેટર્સ ચિંતાતુર બન્યા

ગાંધીનગર, તા.૧૮

શહેરના સાહસિક યુવાનો તથા વેકેશનમાં ફેમિલી કે ફ્રેન્ડઝ સાથે ટ્રેકીંગ અથવા એડવેન્ચર પિકનીક કરવા માંગતા શોખીનોમાં ઉદાસીનતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉદાસીનતાનું કારણ આ વર્ષે ટ્રેકીંગ માટેના જાણીતા સ્થળોમાં ઓછા વરસાદને કારણે નદી ઝરણાં કે ધોધ સુકાઈ જવાની પરિસ્થિતિ સર્જાઈ છે તે માનવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર પોતે હરિયાળું શહેર હોવાથી અહીં સ્વાભાવિક રીતે જ પ્રકૃતિ પ્રેમ સહજ જોવા મળે છે. શહેરમાં અનેક યુવાનો ટ્રેકિંગ, કેમ્પફાયર, બર્ડ વોચ, જંગલ





સફારી, રોપ કલાઈમ્બીંગ, જંગલ વૉક વગેરેના શોખી છે. આ શોખને કારણે તેઓ એક દિવસથી માંડીને એક સપ્તાહ સુધીના ટ્રેકિંગ કેમ્પમાં જોડાતા હોય છે. વળી શહેરમાં ઘણા ફેમિલી તથા ફ્રેન્ડઝ ગૃપ પણ એવા જોવા મળે છે જેઓ આ પ્રકારની સાથે મળીને પિકનિક કે કેમ્પનો આનંદ માણવાનું આયોજન કરતા હોય છે. આ સાથે ઘણા મા-બાપ પોતાના બાળકને સાહસિક બનાવવા પણ આ પ્રકારની પિકનીક કે કેમ્પમાં જોડાવા પ્રેરીત કરી મોકલતા હોય છે અથવા સાથે લઈ જતા જોવા મળે છે. આ કારણે શહેરમાં અનેક નેચર કલબ, પ્રકૃતિ સંગઠનો તથા આ પ્રકારની નાની મોટી પિકનીક ટ્રીપ એરેન્જ કરી આપતા ઓપરેટર્સની સંખ્યા પણ છેલ્લા કેટલાક સમયમાં વધી ગયેલી જોવા મળી રહી છે. જો કે હાલ જે સંજોગો સર્જાયા છે તેનો કારણે આ પ્રકારના ટ્રીપ-પીકનીક ઓપરેટર્સ પણ ચિંતામાં મુકાયા છે જેનું મુખ્ય કારણ ગત ચોમાસામાં થયેલી અલ્પવૃષ્ટિ જવાબદાર છે.

ટ્રેકીંગ, નેચર કેમ્પ કે જંગલ પિકનીક માટેના હોટ ફેવરિટ ડેસ્ટિનેશન્સમાં પોળોના જંગલ, બાકોર, ઝાંઝરી, જેસોર, બાલારામ, સાપુતારા, ઈડરીયો ગઢ જેવા સ્થળો સાથે માઉન્ટ આબુ પણ હોટ ફેવરીટ છે. જો કે ગત ચોમાસાની અલ્પવૃષ્ટિના કારણે આ સ્થળો પર હરિયાળી ખૂબ ઓછી જોવા મળી રહી છે જેમાં નદી ઝરણાં સુકાઈ ગયા છે તેથી નાના મોટા ધોધ પણ બંધ થઈ ગયા છે. તેથી આ સ્થળોનું સૌંદર્ય ફિક્કું પડી ગયું છે. આ કારણે પર્યાવરણ પ્રેમીઓ, નેચરટ્રીપના ચાહકો કે જંગલ પિકનીક કરવા માંગતા પરિવારો દ્વિધામાં મુકાયા છે અને આ પ્રકારની ટ્રીપ ઓપરેટ કરતા વ્યવસાયિકો પણ ચિંતાતુર જણાય છે.